# G20 Extraordinary Leaders’ Summit on Afghanistan

October 11, 2021

# અફઘાનિસ્તાન અંગે જી-20 નેતાઓની અસાધારણ બેઠક

ઓક્ટોબર 11, 2021

જી-20માં ઈટાલિયન અધ્યક્ષતાના આમંત્રણને માન આપીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી 12 ઓક્ટોબરે અફઘાનિસ્તાન અંગે આગામી જી-20 એક્સ્ટ્રાઓર્ડિનરી લીડર્સ સમિટમાં વર્ચ્યુઅલ સ્વરૂપમાં હાજરી આપશે. આ સમિટ (બેઠક) જી-20 ઈટાલિયન પ્રેસિડન્સી દ્વારા યોજવામાં આવી રહી છે.

2. મિટિંગના એજન્ડામાં માનવીય જરૂરિયાતોના પ્રતિભાવ અને મૂળભૂત સેવાઓ અને આજીવિકાની પહોંચ અંગેની ચર્ચાનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત સુરક્ષા અને આતંકવાદ સામેની લડાઈ; અને ગતિશીલતા, સ્થળાંતર અને માનવ અધિકારો વિશે પણ ચર્ચા કરવામાં આવશે.

3. વડાપ્રધાને અગાઉ અફઘાનિસ્તાન પર એસસીઓ- સીએસટીઓ આઉટરીચ સમિટમાં ભાગ લીધો હતો. વિદેશમંત્રી ડો. એસ. જયશંકરે ન્યૂયોર્કમાં યુએન જનરલ એસેમ્બલી દરમિયાન અફઘાનિસ્તાન પર જી 20 વિદેશમંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો.

4. G20માં વિશ્વના વીસ મોટા અર્થતંત્રોનો સમાવેશ થાય છે અને આંતરરાષ્ટ્રીય સર્વસંમતિ બનાવવામાં મદદ કરવા અને યુએન અને તેની એજન્સીઓ સહિત બહુપક્ષીય સંસ્થાઓ અને અફઘાનિસ્તાનમાં કથળી રહેલા માનવતાવાદી સંકટને ઉકેલવા માટે વૈશ્વિક અને પ્રાદેશિક પક્ષો વચ્ચે સંકલિત અભિગમને સરળ બનાવવા માટે તે એક મહત્વનું મંચ છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 11, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.